# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨–૫** **તા.૦૫–૦૯–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૯/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ભૂમિ એન્જીનીયર્સ** ગામ: શાપર વે.
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી (ટેક) **એમ.એ.ચાવડા** પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 As per applicant representation by applicant letter Dtd: 8-7-19 represented that having 71 KW Ltmd connection no. 81901/01356/l, as per the calculation for revision of security deposit based on our consumption in 2018-19, 99141.00 is due to refundable. Further PGVCL has instructed to pay 111838.00 to receive amount of 99141.00. Which was shocking to hear that to receive refundable amount to pay another 111838.00 and then after only we can get refundable amount 99141.00. So, applicant requesting to provide copy of circular for the payment of further (which is not payable) deposit for receive refundable deposit as soon as possible.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ભુમિ એન્જીનીયર્સ વતી તેના ભાગીદાર જગદીશભાઇ એમ.ભુવા એ શાપર વેરાવળ કચેરી હેઠળના તેઓના વીજજોડાણ ગ્રાહક નંબર ૮૧૯૦૧–૦૧૩૫૬–૧ માં વર્ષ ૨૦૧૮–૧૯ ના વપરાશને ધ્યાને લઇ

વધારાની સિકયોરીટી ડિપોઝીટની રકમ રૂા.૯૯૧૪૧/- પરત મેળવવા અંગેની અરજી મળેલ છે.

3.૧ અરજદારની સદર અરજી અન્વયે ડિપોઝીટની રકમ રૂા. ૯૯૧૪૧/- ગ્રાહકના ઓગષ્ટ-૨૦૧૯ ના બિલમાં જમા આપતા ફરીયાદનું નિરાકરણ થતા અરજદારે તા.૨૧.૮.૧૯ ના રોજ સમાધાન પુર્શીસમાં સહી કરી આપેલ છે જેની નકલ રજુ કરેલ છે તેમજ તા.૨૧.૮.૧૯ ના રોજ અરજદારે તેઓની ડિપોઝીટનો ચેક મેળવવા એડવાન્સ સ્ટેમ્પ રસીદ રજુ કરતા કંપનીના નિયમ મુજબ એક બિલની રકમ બાદ કરી વધારાની ડિપોઝીટનો ચેક આપવાની કાર્યવાહી ચાલુ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.0 અને** પેરા નં 3.0 અને 3.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૨૧–૦૮–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |